

## પ્રાંતિજના ધડકણ જૈન દૈરાસણ ખાતે સાલગીરી ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના ધડકણ- બોભા ખાતે આવેલ જૈન દેરાસણો માં જૈન સમાજ દ્વારા દર વર્ષ ની જેમ ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં જૈન સમાજ ના ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રાંતિજ ના ધડકણ ખાતે ૧ ૨૫ વર્ષ પ્રાચિન જૈન દૈરાસણ ખાતે સાલગીરી ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં દર વર્ષ ની જેમ આ વર્ષે પણ મુંબઈ,પૂના, વડોદરા, અમદાવાદ ખાતે રહેતા જૈન સમાજ ના ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં અને સાલગીરી નિમિત્તે ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો હતો જયારે જૈનદેરાસણ માં બિરાજમાન શ્રી વાસુપુષ્પ સ્વામી ના દર્શન કરી પૂંજા અર્ચના કરી જૈન સમુદાય ના લોકો એ ભોજન સ્વરૂપે પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી જયારે દર વર્ષ ની જેમ આવશે પણ જૈન સમાજ ના પ્રમુખ ભરતભાઈ શાહ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

## ખેડબ્રહ્મામાં બેંક દ્વારા દસ રૂપિયાના ચલણી સિક્કા ન સ્વીકારતા હાલાકી

ખેડબ્રહ્મા, તા. ૮

ખેડબ્રહ્મા તાલુકા સાબરકાંઠા જિલ્લાએ સંકળાયેલો વ્યાપારનુ મોટુ મથક છે. ત્યાં સરકાર દ્વારા આદિજાતી વિકાસ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટો ફાળવવામાં આવે છે. પણ હાલમાં ઉડાલાના વિસ્તારમાંથી ભાઈઓ તથા બહેનો પોતાની ઘરવખરી ખરીદવા માટે ખેડબ્રહ્મા શહેરમાં આવતા હોય છે. જ્યારે બસના ભાડાથી માંડી અને બજારના વ્યાપાર સહીત જિપો વાળા દસ રૂપીયાના ચલણી સિક્કા ચલણમાં માન્ય હોવા છતા વ્યાપારીઓ તેમજ બેંકો સ્વિકારવાની ના પાડતી હોય પ્રજા મુશ્કેલીમાં મુકાઈ રહી છે.

ખેડબ્રહ્મા શહેરમાં માન્ય હોવા છતાં પ્રાઈવેટ બેંકો, રાષ્ટ્રીયકૃત બેંકો, તેમજ વેપારીઓ દ્વારા નથી સ્વિકારાતા ત્યારે પ્રજા અને વેપારી વર્ગ એકબીજા સામે તૂ તૂ મે મે કરી રહ્યા છે. જનતા બેંક, સાબરકાંઠા બેંક, ગ્રામીણ બેંક, સ્ટેટ બેંક, એચડીએફસી બેંક, દેનાબેંક, બેંક ઓફ ઈન્ડિયા આ તમામ તેમજ બેંક ઓફ બરોડા આ બધી બેંકો તમામ સિક્કા અને પરચુરણ તેમજ દસના સિક્કાઓ ન સ્વિકારતી હોવાથી પ્રજા અને વેપારીઓ મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. જો આનો સત્વરે ઉકેલ લાવવામાં નવી આવે તો પ્રજાને હાલાકી ભોગવવાનો વારો આવશે.

## ભિલોડામાં લાટી બજારથી ધોલવાણી સુધીના બિસ્માર માર્ગ મામલે નોટીસ

ભિલોડા,તા.૮

ભિલોડામાં લાટી બજાર વિસ્તારથી ધોલવાણી ત્રણ રસ્તા સુધીનો માર્ગ બિસ્માર બનતાં પેવરકામ વહીવટી તંત્ર ધ્વારા હાથ ધરાય તેવી પ્રબળ લોકમાંગણી છે.

ભિલોડામાં હાર્દસમા લાટી બજાર વિસ્તારથી ધોલવાણી ત્રણ



પ્રણામીએ કોન્ટ્રાક્ટર ગણપતભાઈ પટેલને નોટીસ પાઠવી છે.

સુપ્રસિધ્ધ યાત્રાધામ ટોરડા સ્વામીનારાયણ મંદીરમાં દુર-દુરથી હરીભક્તો દર્શનાર્થે આવતા હોય છે ત્યારે ટોરડા-કુશાલપુરા-ઝાંઝરી વિસ્તારનો માર્ગ બિસ્માર હાલતમાં છે.આ વિસ્તારમાં માર્ગો ઉપર ઠેર-ઠેર રહીશો ધ્વારા બેફામ પાણી કાઢવામાં આવે છે ત્યારે ગંદા પાણીનો યોગ્ય નિકાલ કરવાની યોગ્ય વ્યવસ્થા સત્વરે કરવામાં આવે તેવી વાહનચાલકો, રાહદારીઓ, પ્રજાજનોની લોકમાંગણી છે.

રસ્તા સુધીનો માર્ગ ઉપર નાના-મોટા ખાડા પડતાં માર્ગ બિસ્માર બનતાં વાહનચાલકો, રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ બિસ્માર માર્ગ ઉપર અવાર-નવાર નાના-મોટા અકસ્માતો પણ સર્જાતા હોય છે ત્યારે મોટો અકસ્માત સર્જાય તેવી ભીતી વાહનચાલકોને સતાવી રહી છે. ભિલોડા માર્ગ અને મકાન વિભાગ કચેરી એન્જીનીયર ડી.એમ.

કોન્ટ્રાક્ટરને માર્ગ અને મકાન વિભાગ,ભિલોડા એન્જીનીયર ડી.એમ. પ્રણામી ધ્વારા નોટીસ આપવામાં આવતા ભ્રષ્ટાચારી કોન્ટ્રાક્ટરોમાં ખડભડાટ મચી જવા પામ્યો છે. ભિલોડા તાલુકામાં બે નંબરીયા ભ્રષ્ટાચારી કોન્ટ્રાક્ટરો ધ્વારા હલકી ગુણવત્તાના માર્ગો બનાવતા હોવાના કારણે વાહન ચાલકો ત્રાહિમામ છે. માર્ગ ઉપર સત્વરે

## ઊંઝા ખાતે વૈજનાથ મહાદેવમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ઊંઝા ખાતે વસવાટ કરતા શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ દ્વારા વૈજનાથ મહાદેવમાં પંચામૃત કાર્યક્રમ અન્વયે રમતગમત, સાંસ્કૃતિક, સન્માન, ડીરેક્ટરી વિનોચન અને ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાળકો, યુવાનો, બહેનો અને વડીલોની રમતગમત સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા હતા. તેમજ પ્રગતિ મંડળના પૂર્વ પ્રમુખોને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમાજના તેજસ્વી છાત્રાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. અને ઊંઝામાં રહેતા પરિવારોની ડીરેક્ટરીનું મહાનુભાવોને હસ્તે વિમોચન કરાયું હતું. શ્રી મોટાબાવન કડવા પાટીદાર સમાજ પરિવાર ટ્રસ્ટના પ્રમુખ કેશુભાઈ પટેલ, ટ્રસ્ટી મનુભાઈ પટેલ, ઉપપ્રમુખ એ.કે. પટેલ વિગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. સમારંભમાં સમાજના અગ્રણીઓ, ભાઈ-બહેનો, યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમાજના જયંતિભાઈ પટેલ (ગાંધી) દ્વારા સમાજની ૮૦૦ જેટલી વિધવાઓને હરિદ્વાર ખાતે યોજાનાર કથામાં ભાગ લેવા માટે ધાર્મિક પ્રવાસનું આયોજન કરાયેલ છે.

## ધનસુરા કેળવણી મંડળના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી

ધનસુરા કેળવણી મંડળની સામાન્ય સભા પ્રમુખ જયંતિલાલ વી. શાહના અધ્યક્ષસ્થાને મળેલ. તમામ શૈક્ષણિક સંસ્થાઓના વિકાસની ચર્ચા બાદ ત્રણ વર્ષ માટેના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરતા પ્રમુખ પદે કાન્તિભાઈ એસ. પટેલ (વાઈસ ચેરમેન સાબરડેરી) ટ્રસ્ટીઓ કેળવણીકાર મોતીભાઈ પટેલ, રાજેન્દ્રભાઈ એમ. મહેતા, ઉપ પ્રમુખ તરીકે ગોપાલભાઈ ઠેકડી (ભાજપ અગ્રણી) અરવિંદભાઈ જે. પટેલ (કોંગ્રેસી આગેવાન), વિઠ્ઠલભાઈ પટેલ (મેજર) મંત્રીઓ - ધીરૂભાઈ જે. પટેલ, ગોવિંદભાઈ એસ. પટેલ (પૂર્વ આચાર્ય આકરૂંદ), પિયુષભાઈ પી. શાહ, નવનીતલાલ સી. શાહ (ગુજરાત મશીનરી), ઓડીટર પિનલ મુખી, ખજાનચી ચેતનભાઈ શાહ સાથે સહમંત્રીઓની નિમણૂંક કરેલ છે.

## તલોદના બિલેશ્વર મહાદેવનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

તલોદ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના દાયકાઓ પુરાણ શ્રી બિલેશ્વર મહાદેવનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અત્યંત



ધામધૂમથી અને ભક્તિભાવપૂર્વક આજે સંપન્ન થયો. જેમાં ડઝનબંધ ગામોના અબાલવૃદ્ધ શિવભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને દર્શનનો લાભ લીધો હતો.

તલોદ-મોડાસા રોડ ઉપરના શ્રી બિલેશ્વર મહાદેવનું સ્થાનક પ્રાચિનકાળ વખતનું હોવાનુ મનાય છે. જ્યાં મહાશિવરાત્રી અને જન્માષ્ટમીના રોજ ૧૦૦ વર્ષથી પણ વધારે વર્ષોથી લોકમેળો ભરાય છે. રાજ્યભરના સ્વયંભૂ શિવાલયો પૈકીનું આ પ્રાચિન કાળનું એક શિવાલય છે. જેનો જિર્ણોદ્ધાર કરી નવનિર્માણ કરી આ પુનઃ પ્રાણ પ્રતિષ્ઠાનું આયોજન ટ્રસ્ટ અને શિવભક્તો અને દાતાઓના સહારે કરવામાં આવ્યું હતું. આજે તેના ગર્ભગૃહમાં માતા પાર્વતી, ગણેશજી, ભૈરવજી, હનુમાનજી તથા નંદી અને કૂર્મ સહિતની પ્રતિમાઓને મંત્રોચ્ચાર સાથે પ્રસ્થાપિત કરી તેમાં નૂતન પ્રાણનો સંચાર કરવામાં આવ્યો હતો.

શિવાલયને સાંકળતા મુખ્ય રોડ માર્ગ ઉપર શૈલેષ ઘનશ્યામભાઈ સોની તરફથી લાખોના ખર્ચે બનાવવામાં આવેલ પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન પણ કરવામાં આવ્યું હતું. પંથકના કેટલાક શિવભક્તો તથા તલોદ બજારના શિવભક્ત પરિવારોએ આ સમસ્ત પ્રસંગ માટે ભારે જહેમત ઉઠાવી હતી.

પ્રતિષ્ઠા મહોત્સવના પ્રસંગે ખાસ દર્શનાર્થે તલોદ-પ્રાંતિજ તાલુકા ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ શિવાલય સમીપના જમીનના ફલોરીંગ કામ માટે ધારાસભ્ય ફંડમાંથી રૂ. ૨ લાખની સહાય જાહેર કરી હતી. તદ્ ઉપરાંત પ્રાચિન કાળ વખતના આ શિવાલયના ઐતિહાસિક વિકાસ માટે તેને યાત્રાધામ વિકાસ બોર્ડમાં પોતે રજુઆત કરશે તેવી ખાતરી આપી હતી.

## ભાજપની આદિવાસી ગૌરવ યાત્રાને મળતો સારો પ્રતિસાદ

અમદાવાદ, તા.૮

પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ ઉનાઈથી શરૂ થઈને વાપી સહિત કપરાડા અને ધરમપુર વિસ્તારમાંથી પસાર થઈ રહેલ આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાની સવિસ્તાર માહિતી પુરી પાડી હતી. ઠેર ઠેર પ્રજાનાં આતિથ્યનાં ઓવારણા અને ઉમંગ ઉત્સાહના કેસરીયા વાતાવરણમાં આદિવાસી વિકાસ ગોરવ યાત્રાને સ્વયંભૂ અભૂતપૂર્વ આવકાર મળી રહ્યો છે. કપરાડા ખાતે હજારોની સંખ્યામાં ઉપસ્થિત વિશાળ જનમેદની સંબોધતા પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ જીલ્લા તથા તાલુકા કક્ષાની સંગઠનની સમગ્ર ટીમ તથા સમર્પિત કાર્યકરોને આવકાર્યા હતા. તાલુકામાં ભાજપાના સમર્પિત સૌથી વધુ સરપંચો ચુટાયા છે, તેનું મૂળ કારણ ભાજપા શાસને વનવાસી બંધુઓના જીવનમાં રંગ પુરવાનું સ્તુત્યપૂર્ણ કાર્ય કર્યું છે. પ્રજાજીવનને પ્રાથમિક સુવિધાઓ જેવી કે રસ્તા, ગટર, વીજળી, શુદ્ધ પાણી અને શિક્ષકો તથા શાળાઓ ભાજપાની સરકારે પુરી પાડીને પ્રજાની સેવાનું ઉમદા કાર્ય કર્યું છે.

આદિવાસી વિસ્તારનો વિકાસ કોંગ્રેસને ખૂંચે છે. કેમ કરીને વિસ્તારનો વિકાસ રૂંધાય તે માટે કોંગ્રેસના પ્રતિનિધિઓ વિકાસનાં કામો અટકાવે છે તેમાં આડખીલીરૂપ બને છે અનેક યોજનાઓમાં વિઘ્નરૂપ બનીને ભાજપા સરકાર વિકાસનો જશ ન ખાટી જાય તેવા કાર્યો કરવામાં કોંગ્રેસ રત છે. પરંતુ સમાજના પ્રત્યેક ઘરમાં વિકાસનો દિપક પ્રજ્જવલે તે જોવાની ભાજપાની નેમ છે અને તેને માટે ભાજપાના તમામ પ્રતિનિધિઓ સતત કાર્યરત છે. નોટબંધીના સંદર્ભમાં પ્રદેશ પ્રમુખે જણાવ્યું હતું કે, દેશ ચલાવવો એ નહીં પરંતુ દેશ બદલવો એ આપણી પ્રતિબદ્ધતા છે. ભાજપા શાસનમાં કાર્યાન્વિત થયેલ પીવાના પાણીની તથા સિંચાઈ માટેની યોજનાઓની વિગતો સર્ચ પ્રદેશ પ્રમુખએ પેસા એક્ટ હેઠળની વિવિધ બાબતોની માહિતી આપી હતી. આવનારી ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપાને જંગી બહુમતી જરૂરથી અપાવીશુ તેવો સહીયારો સંકલ્પ ઉપસ્થિત જનમેદનીએ પ્રદેશ પ્રમુખની હાજરીમાં લીધો હતો.



## શ્રી સ્વામિનારાયણ મંદિર, સલાલનો પાટોત્સવ ભારે દબદબાપૂર્વક યોજાયો

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિર, સલાલનો પાટોત્સવ ભારે દબદબાપૂર્વક યોજાયો, સાથે વ્યસનમુક્તિ રેલી તેમજ શિબિર પણ બે દિવસની યોજાઈ હતી. આ પ્રસંગે પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજે આશીર્વચનમાં જણાવ્યું હતું કે જે મનુષ્યમાં સત્સંગ, સંસ્કાર અને શિક્ષણનો ત્રિવેણી સંગમ હશે તે જ માનવી ઉન્નતીને પામી શકે છે. સર્વોપરી શ્રી સ્વામીનારાયણ ભગવાને પણ જણાવ્યું છે. મનુષ્યને ઉન્નતિની અપેક્ષા હોય છે. પરંતુ જેનામાં વ્યસન, વહેમના વમળમાં જકડાયેલા હોય તેમાંથી મુક્ત થવા સત્સંગની ફોર્મ્યુલા જે મનુષ્ય, જીવનમાં અપનાવે તેના જીવનની સદા ચઢતી કળા રહે છે, વધુમાં. પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજે જણાવ્યું હતું કે આજના ટેકનોલોજી યુગમાં ઈ-સિગારેટ જેવા વ્યસન પણ મનુષ્યને વિનાશ તરફ ધકેલે છે મટે તેનાથી બચવું જરૂરી છે. ઘણી મોટી સંખ્યામાં માનવ સમુહ ઉપસ્થિત રહ્યો હતો.

# રાજયમાં તીવ્ર ઠંડી અકબંધ

### નલિયામાં પારો ૬.૮ ડિગ્રી : રાજ્યના અનેક ભાગોમાં પારો ૧૦ ડિગ્રીથી પણ નીચે : ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી નોંધાયું : હજુ ઠંડીનો ચમકારો અકબંધ રહે તેવી સંભાવના

અમદાવાદ, તા.૮

અમદાવાદ સહિત સમગ્ર ગુજરાત ફરી એકવાર ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. અમદાવાદ શહેરમાં આજે પારો ૧૦.૨ ડિગ્રી રહ્યો હતો. જ્યારે પાટનગર ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી રહ્યું હતું. રાજ્યના અનેક ભાગોમાં પારો ૧૦થી પણ નીચે પહોંચી ગયો છે. જેમાં ગાંધીનગર, વલસાડ, દીવ, કચ્છ-માંડવી, નલિયાનો સમાવેશ થાય છે. આ તમામ વિસ્તારોમાં તીવ્ર ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો.

કચ્છમાં કોલ્ડ વેવની સ્થિતિ પ્રવર્તી રહી છે. લોકોને ફરી એકવાર તીવ્ર ઠંડીનો અનુભવ થતા ગરમ વસ્ત્રોમાં સજ્જ થઈ ગયા છે. લોકો માની રહ્યા હતા કે ઠંડીની પૂર્ણાહુતિ થઈ ગઈ છે પરંતુ એકાએક તીવ્ર ઠંડીની વાપસી થઈ છે અને પારો રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગગડી ગયો છે. લોકો ફરીવાર ગરમ વસ્ત્રો કાઢી ચુક્યા છે. દિવસ દરમિયાન લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ દેખાયા હતા. ઠંડા પવનોનો અનુભવ લોકોએ કર્યો હતો. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે કચ્છ ઉપર કોલ્ડવેવની સ્થિતિ રહેલી છે. જેથી આગામી બે ત્રણ દિવસ દરમિયાન પારો નીચી સપાટી ઉપર રહી શકે છે. હાલમાં જ સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં વાતાવરણમાં પલ્ટો આવ્યા બાદ માવઠાના સમાચાર મળ્યા હતા. ઘણા વિસ્તારમાં અમી છાંટણા થયા હતા.

દેવભૂમિ દ્વારકા અને કચ્છના કેટલાક ભાગોમાં માવઠું થયું હતું.હાલમાં તીવ્ર ગરમીનો અનુભવ અમદાવાદ શહેરમાં થયો હતો.

અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, આવતીકાલે મુખ્યરીતે સ્વચ્છ વાદળા રહેશે પરંતુ આગામી બે ત્રણ દિવસ સુધી ઠંડીથી લોકોને રાહત નહીં મળે તેવી શક્યતા છે. ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે વધુ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. કચ્છ પ્રદેશમાં કોલ્ડવેવની સ્થિતિ પ્રવર્તી રહી છે. હવામાન વિભાગ તરફથી કોઈ ચેતવણી ઓછા તાપમાનને લઈને જારી કરાઈ નથી પરંતુ લોકોને આગામી દિવસોમાં ફરીથી સાવધાન રહેવાની જરૂર પડશે. ઠંડીનો ચમકારો ફરી એકવાર નોંધાયા બાદ મોડી રાત્રે અને વહેલી સવારે રસ્તાઓ સૂમસામ દેખાઈ રહ્યા છે. લોકો ઠંડીથી બચવાના પ્રયાસમાં મોડેથી બહાર નીકળી રહ્યા છે. બીજી બાજુ એકાએક ઠંડીમાં વધારો થતા નાના બાળકો અને મોટી વયના લોકોને જુદા જુદા ઈન્ફેક્શનની તકલીફની ફરિયાદો પણ મળી છે. તબીબોના કહેવા મુજબ એકાએક બદલાઈ ગયેલી સિઝનમાં બાળકો પ્રત્યે વધુ સાવધાની રાખવાની જરૂર છે. તાપમાનમાં ફેરફારના લીધે વધુ તકલીફ થઈ રહી છે.

**ક્યા કેટલું તાપમાન**

| સ્થળ | લઘુત્તમ તાપમાન | | |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૦.૨ | અમરેલી | ૧૨.૪ |
| ડિસા | ૧૧ | ભાવનગર | ૧૫.૪ |
| ગાંધીનગર | ૯ | પોરબંદર | ૧૧.૫ |
| વીવીનગર | ૧૪.૫ | રાજકોટ | ૧૨.૩ |
| વડોદરા | ૧૩.૬ | નલિયા | ૬.૮ |
| સુરત | ૧૬.૭ | કંડલા એરપોર્ટ | ૧૩.૩ |
| વલસાડ | ૯.૫ | ભુજ | ૧૨.૪ |
| | | કચ્છ-માંડવી | ૮ |

### લાગણીનો મેળો ● ૪ પાનાનું ચાલુ...

હૈયાની કેળવણીની અધૂરપ સર્વ સમસ્યાઓનું કારણ છે. આપણે બેડોળ બન્યા પેટનો ઘેરાવો ખૂબ વધ્યો. હૈયું ચીમળાયું એ તો અભિશાપ છે... હૈયાને કેળવવા બુદ્ધિને બેથી કરો – સમય સાદ કરે છે!!!

સ્પર્શમણિ

● વૃક્ષનાં મૂળિયાં જમીનમાં જડાયેલા હોય છે. છતાં એની ગતિ આકાશ તરફ છે. ● માણસ પોતાની અંદર સ્વર્ગ રચ્યા વિના અસલી કોઈ સ્વર્ગમાં પ્રવેશ કરી શકતો નથી. ● જીવનમાં જીવવા માટે સાધનો શોધવાને બદલે જીવનનું પ્રયોજન શોધવું.

- Rasikvaland1965@gmail.com

### રાજકીય ધમાસાણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તપાસના આદેશ આપી દેવામાં આવ્યા છે. પન્નીરસેલ્વમે મંગળવારના દિવસે એમ કહીને ખળભળાટ મચાવી દીધ હતો કે તેમની પાસેથી મુખ્યપ્રધાનપદ બળજબરીપૂર્વક આંચકી લેવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. તેમનુ અપમાન કરવામાં આવ્યુ હોવાના હેવાલ પણ મળ્યા છે. આજે પણ તેમણે આ મુજબની વાત કરી હતી. અગાઉ જયલલિતાની સમાધી પર પહોત્યા હતા અને ત્યારબાદ શશીકલા સામે મોરચા ખોલી દીધા હતા. તમિળનાડુમાં ઝડપથી બદલાઈ રહેલા ઘટનાક્રમ પર હવે તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. પાર્ટી ઈચ્છે છે કે હવે સાનુકુળ રસ્તો શોધી કાઢવામાં આવે. તમિલનાડુમાં રાજનીતિમાં ગરમી વચ્ચે અન્નાદ્રમુક બે ભાગમાં વિભાજિત છે. પન્નીરસેલ્વમે શશીકલા સામે બળવો કરી લીધા બાદ શશીકલાની છાવણીમાં ૧૩૦ ધારાસભ્યો રહેલા છે.

આ ધારાસભ્યોને ચેન્નાઈની એક હોટલમાં લઈ જવાયા છે. ધારાસભ્યો આ બાબતની રાહ જોઈ રહ્યા છે કે રાજ્યપાલ સત્તાવાર રૂપે શશીકલાને સરકાર રચવા માટે આમંત્રણ આપે. આ સભ્યો પન્નીરસેલ્વમને પોતાનું સમર્થન ન આપે તે માટે તેમને હોટલમાં લઈ જવાયા છે. આજે શશીકલાએ ધારાસભ્યોની બેઠક યોજી હતી. ત્યારબાદ તેમને સમર્થન કરી રહેલા ધારાસભ્યોને બસમાં બેસાડીને મોકલી દેવામાં આવ્યા હતા. આ બેઠકમાં શશીકલાએ પન્નીરસેલ્વમ ઉપર જોરદાર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે તેઓ પન્નીરસેલ્વને સજા કરશે. તેમણે એમ પણ કહ્યું હતું કે વિરોધી તેમની પાછળ પડેલા છે પરંતુ તેમના કોઈપણ પ્રયાસ તેમને અમ્માના માર્ગ ઉપર આગળ વધવાથી રોકી શકશે નહીં.

### મર્યાદા હટશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારે બે જુદી જુદી વખતે બેંકોમાંથી રોકડ ઉપાડવાની મર્યાદામાં સુધારા કર્યા છે. પહેલા રોકડ ઉપાડવાની મર્યાદા ૧૦ હજાર રૂપિયા હતી. જેને વધારીને ૨૪ હજાર રૂપિયા કરાઈ હતી. ૧૬મી જાન્યુઆરીના દિવસે આરબીઆઈએ રોકડ ઉપાડની દરરોજની મર્યાદા ૪૫૦૦ રૂપિયાથી વધારીને ૧૦ હજાર રૂપિયા કરી હતી. અલબત્ત ત્યારથી જ રોકડ ઉપાડવાની સાપ્તાહિક મર્યાદા ૨૪૦૦૦ રૂપિયા રાખવામાં આવી હતી. આ અગાઉ નોટબંધીના તરત બાદ રિઝર્વ બેંકે એટીએમમાંથી દરરોજની ઉપાડ મર્યાદા ૨૦૦૦ રૂપિયા કરાઈ હતી. ત્યારબાદ તેને વધારીને ૧૦ હજાર રૂપિયા અને ત્યારપછી ૨૪ હજાર રૂપિયા કરવામાં આવી હતી.

### પક્ષ સંગઠન.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

આપે છે કે જયલલિતાના અવસાન બાદ હવે અન્નાદ્રમુકમાં બે ભાગલા પડી શકેછે. તમિલનાડુમાં રાજ્યાપાલ પાસે પણ કેટલાક વિકલ્પો રહેલા છે. રાજગોપાલનું કહેવું છે કે શશીકલા લાંબા સમયથી સત્તા મેળવવા માટે પ્રયાસ કરી રહ્યા હતા. જયલલિતા જીવિત હતા ત્યારે જ તેમને અંદાજો આવી ગયો હતો કે પન્નીરસેલ્વમ ક્યારેય પણ તેમની સામે બળવો કરી શકે છે. આ બાબત ગઈકાલે સાબિત થઈ ગઈ હતી. પન્નીરસેલ્વમે ગઈકાલે મોડી રાત્રે બળવો કરી દીધો હતો. પાર્ટીમાં અનેક વિભાજનની સ્થિતિ જોવા મળી રહી છે. પન્નીરસેલ્વમ સામે પણ કેટલાક વિકલ્પો છે જે પૈકી એક વિકલ્પ એ છે કે પન્નીરસેલ્વમ ગવર્નરને મળીને વધુ સમયની માંગ કરી શકે છે. હકીકતમાં શશીકલાની સામે સુપ્રિમ કોર્ટમાં આવક કરતા વધુ સંપત્તિના મામલામાં ચુકાદો પેન્ડીંગ છે. જો આ ચુકાદો શશીકલાની વિરૂદ્ધમાં આવે છે તો નૈતિકતા અને કાયદાકીય રીતે મુખ્યમંત્રી પદ ઉપર રહેવા શશીકલા હકદાર રહેશે નહીં. પન્નીરસેલ્વમ એવી આશા રાખી રહ્યા છે કે સુપ્રિમ કોર્ટનો ચુકાદો શશીકલાની વિરૂદ્ધમાં આવે. આ મામલામાં ટૂંકમાં જ ચુકાદો જાહેર કરવામાં આવનાર છે.

### વાવણી કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જયારે નવા રોપાઓની જાળવણીના મામલે પણ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવાની અનિવાર્યતા છે. જો કે આગામી ચોમાસાને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા અત્યારથી જ રોપાઓની વાવણી માટે ખાડા ખોદવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ માટે શહેરના આડા અને ઉભા રસ્તા પર ૯ હજાર જેટલા ખાડા કરવામાં આવશે. જયારે હાલની સ્થિતિએ ૪ હજાર જેટલા ખાડા કરી દેવાયા છે. મુખ્યા માર્ગોની આસપાસ જગ્યાની ઉપલબ્ધીને ધ્યાને લઈ જરૂર મુજબ રોપાઓની વાવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે.